**બિડાણઃ-** સેકશન અધિકારીશ્રી, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૯.૦૭.૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ પરચ-૧૨૧૯/૭૫૩/મ-૩

**વિષયઃ-** જેલ ઉત્પાદિત ચીજવસ્તુઓની ગુજરાત રાજય ખરીદ નીતિ-૨૦૧૬ ની જોગવાઈ અન્વયે રૂા. પંદરલાખ સુધી વિના ટેન્ડરે ખરીદી માટે માન્યતા આપવા બાબત

---

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ ૬૪૨૩-૬૨/૨૦૧૯. તાઃ૦૭/૦૮/૨૦૧૯

**સામેલઃ ઉપર મુજબ.**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**<u>નકલ સવિનય રવાના</u>:-** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/- સેકશન અધિકારીશ્રી, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૯.૦૭.૨૦૧૯ના સામેલ પત્રમાં જણાવ્યા મુજબ અમલ થવા સારુ.

જેલ ઉત્પાદિત ચીજવસ્તુઓની ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ ની જોગવાઇ અન્વયે રૂ.પંદર લાખ સુધી વિના ટેન્ડરે ખરીદી માટે માન્યતા આપવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ 1 JUL 2019

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક............................
- 2 JUL 2019
348873
શાખા

**વંચાણે લીધા:-**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ, તા.૦૩/૦૬/૨૦૧૬(ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬)

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: ખરદ-૧૦-૨૦૦૩-૪૦૧-ચ, તા.૨૮/૦૮/૨૦૦૩

(૩) અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અધ્યક્ષસ્થાને તા.૦૧-૦૭-૨૦૧૭ના મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

**પ્રસ્તાવના:-**

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવથી પ્રસિદ્ધ થયેલ ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ ના 'કક્ષા(ક)-સરકારી સંસ્થાઓ' માં દર્શાવ્યા પ્રમાણે જેલ દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી ચીજવસ્તુઓની ખરીદી રૂ.પાંચ લાખની મર્યાદામાં ભાવપત્રક મેળવ્યા સિવાય ખરીદી માટેની માન્યતા આપવામાં આવેલ હતી. ઉક્ત વંચાણે લીધા (૧) ની સૂચનાઓના પરિણામે આ વિભાગનો આમુખમાં વંચાણે લીધા ક્રમાંક (૨) નો જેલ દ્વારા ઉત્પાદિત સામગ્રી વગર ટેન્ડરે ખરીદ કરવા નાણાકીય મર્યાદામાંથી મુક્તિ આપવા અંગેનો ઠરાવ આપોઆપ રદ થઇ જાય છે.

વંચાણે લીધા (૩)માં દર્શાવેલ અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકની કાર્યવાહી નોંધથી જેલ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓની વિના ટેન્ડરે ખરીદી અંગેની નાણાકીય મર્યાદા રદ કરી મુક્તિ આપવામાં આવે અને તે પ્રકારની દરખાસ્ત મળેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવેલ છે.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, સરકારી કચેરીઓ જેલ દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી ચીજવસ્તુઓની ખરીદી હાલમાં ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬માં નિયત થયેલ વિના ટેન્ડરે રૂ.પાંચ લાખ સુધીની નાણાકીય મર્યાદામાં ખરીદીના બદલે હવે નીચે મુજબની શરતોને આધીન વિના ટેન્ડરે રૂ.પંદર લાખ સુધીની નાણાકીય મર્યાદામાં ખરીદી માટે માન્યતા આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) સત્તા સોંપણીના નાણાકીય નિયમો-૧૯૯૮ તથા તેમાં વખતો વખતના સુધારા અન્વયે કચેરીના વડાને મળેલી સત્તા મુજબ કચેરીની જરૂરીયાત મુજબની જ ખરીદી કરવાની રહેશે.

(૨) જેલ ઉદ્યોગ ઉત્પાદિત સામગ્રીની યાદી અને ભાવો જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરી દ્વારા દર છ માસે બધી જ સરકારી કચેરીઓને પરિપત્રિત કરવાની રહેશે.

(૩) જેલ ઉદ્યોગ ઉત્પાદિત સામગ્રી સમાન ગુણવત્તા અને વ્યાજબી ભાવે જ મળી રહે તે અંગે ગૃહ વિભાગ (જેલ પ્રભાગ) હેઠળ જરૂરી તંત્ર ગોઠવવાની વ્યવસ્થા કરવાની રહેશે.

(પાછળ.....)

(જ) ગુજરાત રાજ્ય ખરીદ નીતિ–૨૦૧૬માં 'કક્ષા(ક)–સરકારી સંસ્થાઓ' પૈકી ફકત જેલ તંત્ર માટે જ આ સુધારો કરવામાં આવેલ છે.

આ ઠરાવ આ વિભાગની સમાનંકી ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૧/૦૬/૨૦૧૯ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.બી.મખોડીયા)
ઉપસચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

ક્રમાંક: પરચ/૧૨૧૯/ ૭૫૩ /મ-૩
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૪૯
Email : so-m3-agri@gujarat.gov.in
તારીખ :૦૯/૦૭/૨૦૧૯

પ્રતિ,

- ઉપ સચિવશ્રી(મહેકમ), કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ખાંડ નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી., બલરામ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લી., સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી, શ્યામલ રો હાઉસ, સેટેલાઇટ, અમદાવાદ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વેર હાઉસિંગ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય ઘેટાં અને ઊન વિકાસ નિગમ લી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કુલ સચિવશ્રી, આણંદ/નવસારી/જુનાગઢ/દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી જિ- બનાસકાંઠા.
- રજિસ્ટ્રારશ્રી, કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્ય સહકારી ટ્રિબ્યુનલ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ.
- મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર ખાતું, કૃષિ ભવન, પાલડી અમદાવાદ.

જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે. (જેલ ઉત્પાદિત ચીજવસ્તુઓની ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ની જોગવાઇ અન્વયે રૂ.પંદર લાખ સુધી ટેન્ડરે ખરીદી માટે માન્યતા આપવા બાબત.)

આપનો વિશ્વાસુ,

(એન. ડી. વાઘેલા)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ